## વરઘોડાની આતશબાજીએ મુકબધિર યુવાનનો ફુટેલા ફટાકડાનો પદાર્થ વાગતા યુવાનનું કરૂણ મોત

મહેસાણા, તા. ૨૩

મહેસાણા તાલુકાના નુગર ગામે લગ્નના વરઘોડા દરમિયાન ફોડાયેલ ફટાકડાનો પદાર્થ વાગવાથી એક મુકબધિર યુવાનનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હોવાનો બનાવ બનેલ છે.

મહેસાણા તાલુકાના નુગર ગામે ત્રણ દિવસ પહેલા એક ઠાકોર યુવાનના લગ્ન હોઈ ગામમાં વરઘોડો નીકળ્યો હતો. આ વરઘોડો જોવા માટે ગામનો જ એક ઠાકોર જ્ઞાતિનો મૂક બધિર યુવાન ચેતનજી પુંજાજી ઠાકોર ઉં.વ. ૨૦ ગયો હતો. વરઘોડા દરમિયાન ફટાકડા ફોડવામાં આવી રહ્યા હતા ત્યારે અચાનક ફૂટેલા ફટાકડામાંથી નીકળેલ બોથડ પદાર્થ મુકબધિર યુવાનના માથાના ભાગે વાગ્યો હતો. જેથી આ યુવાન જમીન પર ફસડાઈ પડ્યો હતો અને તેને સારવાર માટે મહેસાણાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું કરૂણ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મહેસાણા તાલુકા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભિલોડામાં ડેન્ગ્યુ દેખાયો : એક જ પરીવારના ચાર સભ્યો બીમારીમાં સપડાયા

ભિલોડા, તા. ૨૩

ભિલોડા તાલુકામાં અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ દિન-પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે પ્રજાજનો, પશુ-પંખીઓ તોબા-તોબા પોકારી રહ્યા છે. ઉનાળાની ઋતુમાં બીમારીનું પ્રમાણ ફુલ્યું-ફાલ્યું હોય તેમ લોકમુખે જાણવા મળેલ છે. ભિલોડાનગરના રહેવાસી એક જ પરીવારના ચાર સભ્યો ડેન્ગ્યુના સંકંજામાં સપડાતા ચકચાર મચી જવા પામી છે. આરોગ્ય તંત્રની ઢીલી નીતિના કારણે આ લોકો રોગચાળામાં સપડાયા હોવાનું લોકમુખે ચર્ચાતો પ્રાણ પ્રશ્ન છે. ભિલોડા નગરના રહેવાસી તીર્થદાસ ગોરધનદાસ પારવાણી, જ્યોતીબેન તીર્થદાસ પારવાણી, અક્ષય તીર્થદાસ પારવાણી, ધનવંતરી તીર્થદાસ પારવાણી ડેન્ગ્યુના રોગચાળામાં સપડાતા ભિલોડાનો સીંધી પરીવાર ભયભીત બન્યો છે. સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈનફ્લુના રોગચાળાએ પણ માઝા મુકી હતી. પરંતુ કંન્ટ્રોલ આવી હયો હતો. પણ ડેન્ગ્યુના રોગચાળાએ પણ પ્રજાજનોને સંકંજામાં લેતાં આ બધો માહોલ જોતા હવે તો આગામી ચોમાસુ કેવું નીવડશે તેની તો કલ્પના જ કરવી જ મુશ્કેલ બની છે. ભિલોડા તાલુકામાં ડેન્ગ્યુમાં વધઉ પ્રસરે નહી તેના માટે આરોગ્ય તંત્રના અધિકારીએ કામગીરી હાથ ધરેલ હોવાનું જાણવા મળેલ છે.

# પ્રાંતિજ રેલવે સ્ટેશન ફ્લેગ સ્ટેશન બનાવી દેવાતા લોકોમાં આક્રોશ

## ઓછી આવકનું કારણ બતાવી રેલવે તંત્રએ હાથ ખંખેરી નાંખ્યા

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજ તાલુકામાં આવેલું વર્ષો જુનું એસ.પી. રેલવેનું સ્ટેશન હાલ ફલેગ સ્ટેશનમાં ફેરવી નાંખવામાં આવતા નિંદ્રાધીન રાજકારણીઓની નબળી નેતાગીરીની તાકાતનો ખ્યાલ લોકોને આવી ગયો છે અને રેલવે સત્તાવાળા પ્રાંતિજની ઓછી આવકનું કારણ આગળ ધરી લોકોને મૂર્ખ બનાવી રહ્યા છે.

અંદાજે ૧૧૮ વર્ષ જૂના આ રેલવે સ્ટેશનને ફલેગ સ્ટેશન અને તેમાં પણ ઓછી આવકના બહાના તળે બતાવી નિર્ણય લેવાયો તો અન્ય સ્ટેશનોને બચાવ માત્ર પ્રાંતિજના રેલવે સ્ટેશનને જ કેમ ડી ગ્રેડ કરાયું તે પ્રશ્ન હાલ ચર્ચાનો વિષય બન્યો છે. પ્રાંતિજના આ રેલવે સ્ટેશને વર્ષોથી ગાડીઓના સિગ્નલ અને ક્રોસિંગની લુપલાઈનો સાથેની સુવિધાઓથી સ્ટેશન ધમધમતું હતું પરંતુ એકાએક ઓછી આવકનું અને કરકસરના પગલારૂપે રેલવે વિભાગે પ્રાંતિજના આ સ્ટેશનને ફલેગ સ્ટેશન જાહેર કરી નાંખતા પ્રાંતિજની જનતા અને નબળી નેતાગીરી ઉંઘતી ઝડપાઈ છે. પ્રાંતિજ રેલવે સ્ટેશનના પરિચાલન માટે હાલ જ સ્ટેશન માસ્તર અને પાંચ જેટલો સ્ટાફ હતો તેની અન્યત્ર બદલી કરવામાં આવી છે. અહીં માત્ર બુકીંગ કલાર્ક જ ફરજ અદા કરે છે. ફલેગ સ્ટેશન બનતા પ્રાંતિજ હવે અમરાપુર તથા હાયા જેવા સ્ટેશનની કેટેગરીમાં આવી ગયું છે. આથી સ્થાનિકો ભારે રોષે ભરાયા છે અને પ્રાંતિજ સ્ટેશનને પુનઃ જે તે સ્થિતિમાં મુકવા માંગણી કરી રહ્યા છે.

## હિંમતનગર બાયપાસ બ્રીજ પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના વિજાપુર બાયપાસ માર્ગ પર આવેલ બ્રીજ પર ગુરુવારે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો. જેમાં બાઈક ચાલકનું મોત નિપજયું હતું. અકસ્માત હિંમતનગર ટાઉન પોલીસને જાણ થતા પોલીસે સ્થળ પર જઈને ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ હિંમતનગર તાલુકાના હોસલપુર ગામના રહેવાસી અશોકભાઈ કાન્તિભાઈ શર્મા જેમની સલુનની દુકાન હોસલપુર ગામના પાટિયા નજીક આવેલ છે જે ૪૦ વર્ષીય અશોકભાઈ શર્મા ગુરુવારે બપોરના સુમારે બાઈક નંબર જીજે-૯-એકે-૧૯૦૫લઈને હિંમતનગર-વિજાપુર-ઈડર બાયપાસ માર્ગ પર મોતીપુરા તરફ આવી રહ્યા હતા દરમિયાન અંદાજે ૩.૧૫ના સુમારે હાથમતી નદી પરના સાંકડા બ્રીડ પર સામેથી આવતા ટ્રક નંબર જીજે-૯-વાય-૬૧૧૪ સાથે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બાઈક પરથી અશોકભાઈ શર્મા રોડ પર પટકાયા હતા અને શરીર પર ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર મોત નિપજયું હતું. અકસ્માત અંગે હિંમતનગર ટાઉન પોલીસને જાણ થતા પોલીસે સ્થળ પર આવને બ્રીજ પરનો ટ્રાફિક દુર કરી લાશને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં મોકલી આપી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.



**ગુરૂ બ્રાહમણ સમાજનો છઠો સમુહ લગ્નોત્સવ યોજાયો : ૩૪ યુગલોએ પ્રભૂતામાં પગલા પાડયા**

સાબરકાંઠા જિલ્લા ગુરૂ બ્રાહમણ સમાજનો છઠો લગ્નોત્સવ જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે પાડીદાર સમાજ વાડીમાં ગુજરાત શ્રીમાળી સમાજના અધ્યક્ષ બી.કે. શ્રીમાળી, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા(હિંમતનગર), મણીભાઈ વાઘેલા(વડગામ)ની ઉપસ્થિતિમાં તેમજ સાબરકાંઠા જિલ્લા શ્રીમાળી સમાજના પ્રમુખ જયંતિભાઈ વી. શ્રીમાળીની રાહબરી હેઠળ યોજાઈ ગયો. જેમાં ૩૫ યુગલોએ પ્રભુતામા પાડયા. સાબરકાંઠા જિલ્લા ગુરૂ બ્રાહમણ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારી સમાજમાંથી કુરવાજો દુર કરવા પ્રમુખ જયંતિભાઈ શ્રીમાળીએ કમ કસી છે અને છેલ્લા છ વર્ષથી સમહુ લગ્નનુ આયોજન કરી ૧૩૪ યુગલોના સમુહ લગ્નોમાં લગ્ન કરાવી સમાજને એક નવી દીશા તરફ લઈ જવાનો પ્રયાસ કર્યો છે. હિંમતનગર ખાતે છઠા સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ભોજન દાતા ધારાસભ્ય મણીભાઈ વાઘેલા, બેડા દાતા જયંતિભાઈ શ્રીમાળી, ચાંદીના છડા દાતા કાનજીભાઈ પંડયા સહિત દાતાઓ સમાજના અગ્રણીઓ ઉપાસ્થિત રહી નવ યુગલોને આશીર્વાદ આપી શુભકાનાઓ પાડવી હતી. (તસ્વીર:- મગન વણજારા,હિંમતનગર)

# સરકારી ગોડાઉનમાંથી મોકલવામાં આવેલો ઘઉંનો જથ્થો બારોબાર સગેવગે થઈ ગયો

મહેસાણા, તા. ૨૩

મહેસાણા ખાતેના ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સરકારી ગોડાઉનમાંથી ટ્રકમાં વિજાપુર ગોડાઉનમાં મોકલાયેલ રૂપિયા ૭૭૫૧૫ની કિંમતનો ઘઉંનો જથ્થો બારોબાર કયાંક વગે થઈ જતાં ટ્રક ચાલક, કલીનર સહિત ચાર શખ્સો સામે મહેસાણા શહેરના બી ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધાયેલ છે.

વિગત એવી છે કે, ગત મંગળવારે મહેસાણા ખાતે મોઢેરા રોડ પર આવેલ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ગોડાઉનમાંથી એક ટ્રકમાં રૂપિયા ૭૭૫૧૫ની કિંમતનો ઘઉંનો જથ્થો વિજાપુર સરકારી ગોડાઉનમાં પહોંચાડવા માટે ભરાવવામાં આવ્યો હતો. જે જથ્થો નિયત સ્થળે નહીં પહોંચાડી તે રસ્તામાં કયાંક સગવગે કરી નાંખવામાં આવ્યો હતો જેથી વિસનગર તાલુકાના થલોરા ગામના રમણભાઈ મોહનલાલ પટેલે મહેસાણા બી. ડીવીઝન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે પિયુષ મહેન્દ્રભાઈ પટેલ રહે. મહેસાણા, હસમુખ પ્રહલાદભાઈ પ્રજાપતિ રહે. ડાભલા તથા ટ્રકના ચાલક અને કલીનર મળી કુલ ચાર ઈસમો વિરૂધ્ધ કાયદેસર ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# દાંતીવાડા શિકરીયા ગામની સીમમાંથી બિનવારસી મૃતદેહ મળી આવતા ચકચાર

## હદ નક્કી કરવા ત્રણ પોલીસમથકના કર્મીઓ વચ્ચે રકઝક : કલાકો સુધી મૃતદેહ માર્ગમાં પડ્યો રહ્યો

દાંતીવાડા, તા. ૨૩

દાંતીવાડા તાલુકાના શિકરીયા ગામની સીમમાંથી ગતરોજ અજાણ્યા યુવકનો બિનવારસી મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. જ્યારે આ સંદર્ભે પોલીસ કંટ્રોલમાં જાણ કરાતા દાંતીવાડા, પાંથાવાડા અને ડીસા પોલીસ ઘટનાસ્થળે આવી હતી અને આ બિનવારસી મૃતદેહ કયા પોલીસમથકની હદમાં આવે છે તે મામલે પોલીસ કર્મી વચ્ચે ભારે રકજક થઈ હતી અને આખરે ડીસા પોલીસે મૃતદેહનો કબજો લઈ બિનવારસી મૃતદેહના સગાવાલાની તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર દાંતીવાડા તાલુકાના શિકરીયા અને નાદોત્રા વચ્ચેના મુખ્ય માર્ગ પર આજે સવારના સમયે એક અજાણ્યા યુવકનો મૃતદેહ પડ્યો હતો. જે મૃતદેહ પર એક રાહદારીની નજર પડતા તેણે તાત્કાલિક પાથાવાડા



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

પોલીસમથકમાં જાણ કરી હતી. આથી પાંથાવાડા પોલીસમથકના પોલીસ કર્મીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને તપાસ કરતા માલુમ પડ્યું હતું કે આ હદ પાથાવાડા પોલીસમથકની હદ નથી પરિણામે દાંતીવાડા અને ડીસા પોલીસને જાણ કરી હતી અને એક સાથે ત્રણેય પોલીસમથકના કર્મીઓ ભેગા થયા હતા અને આ અજાણ્યા યુવકનો મૃતદેહ કોની હદમાં આવે છે તે અંગે ભારે રકજક થઈ હતી અને કલાકો સુધી હદ નક્કી કરવામાં આ મૃતદેહ પોલીસની હાજરીમાં જ માર્ગ પર પડ્યો રહ્યો હતો. આખરે હદ નક્કી થતા ડીસા પોલીસે અજાણ્યા મૃતદેહનો કબજો લઈ તેના પરિવારજનોની શોધખોળ હાથ ધરી છે.



સાબરકાંઠા વાલ્મીકી સમાજનો પ્રથમ સમૂહલગ્નોત્સવ તાજેતરમાં ખેડબ્રહ્મા મુકામે યાત્રાધામ અંબામાતા મંદિર પાસે રંગેચંગે યોજાયો હતો. જેમાં સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ સહિત સંતો, મહંતો અને જ્ઞાતિબંધુઓ મોટી સંખ્યામાં હાજર રહી નવદંપતિને આશીર્વચન આપ્યા હતા. આ વાલ્મીકી સમાજના સમૂહ લગ્નોત્સવમાં કુલ ૨૧ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. આ પ્રસંગે તમામ કન્યાઓને વિવિધ દાતાઓ તરફથી કરીયાવર આપવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe
TILES WORLD
ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| | | | | | |
|---|---|---|---|---|---|
| પાટણ | | | એરંડા | ૬૪૨ | ૬૪૫ |
| જીરુ | ૨૨૫૦ | ૨૪૮૦ | જીરૂ | ૧૮૪૦ | ૨૪૭૪ |
| વરીયાળી | ૯૫૧ | ૧૪૫૦ | મગ | ૯૬૧ | - |
| રાયડો | ૫૭૫ | ૬૭૫ | જુવાર | ૩૦૭ | ૩૨૬ |
| ઘઉ | ૨૯૪ | ૪૫૧ | બાજરી | ૨૭૫ | - |
| બાજરી | ૨૯૫ | ૩૦૮ | જવ | ૨૩૭ | ૨૪૦ |
| મેથી | ૫૨૫ | ૫૫૪ | બાવળા | | |
| એરંડા | ૬૩૦ | ૬૭૯ | ઘઉં | ૨૫૭ | ૬૫૧ |
| ગવાર | ૧૬૦૦ | ૧૮૧૭ | ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| સુવા | ૬૫૦ | ૭૬૫ | ઘઉં | ૩૫૪ | ૬૫૯ |
| બંટી | ૪૦૫ | | એરંડા | ૬૩૪ | ૬૬૫ |
| વિજાપુર | | | મેથી | ૫૩૫ | - |
| રાયડો | ૫૫૦ | ૬૧૧ | રાઈ | ૫૪૮ | - |
| એરંડા | ૬૫૦ | ૬૭૮ | ડાંગર | ૩૪૨ | ૩૫૯ |
| કપાસ | ૮૯૦ | ૯૩૫ | મગ | ૫૭૫ | ૬૭૦ |
| બાજરી | ૨૫૦ | ૨૮૯ | કડી | | |
| ઘઉ | ૩૦૦ | ૩૯૦ | ઘઉં | ૩૦૦ | ૪૦૫ |
| ગવાર | ૧૭૪૦ | ૧૭૭૮ | ગવાર | ૧૭૪૫ | ૧૭૮૯ |
| જુવાર | ૩૨૦ | ૩૭૧ | એરંડા | ૬૫૨ | ૬૬૫ |
| વરીયાળી | ૧૨૫૧ | ૧૫૧૪ | રાયડો | ૫૭૦ | ૬૧૬ |
| ફૂકરવાડા | | | જીરૂ | ૨૧૨૧ | ૨૪૭૦ |
| એરંડા | ૬૫૫ | ૬૬૫ | સવા | ૬૦૦ | ૬૯૧ |
| ગવાર | ૧૭૩૫ | ૧૭૬૭ | મહેસાણા | | |
| ઘઉં | ૨૯૭ | ૪૦૦ | ઘઉં | ૨૮૭ | ૪૩૫ |
| રાયડો | ૬૦૦ | - | બાજરી | ૨૫૦ | ૩૧૯ |
| બાજરી | ૨૫૧ | ૩૧૩ | એરંડા | ૬૪૫ | ૬૬૫ |
| ગોઝારીયા | | | રાયડો | ૫૦૦ | ૬૫૫ |
| રાયડો | ૫૪૪ | ૬૨૯ | ગવાર | ૧૭૨૫ | ૧૭૭૫ |
| એરંડા | ૬૬૪ | ૬૭૪ | મેથી | ૫૩૮ | ૫૯૭ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૫ | જીરુ | ૨૦૮૦ | ૨૩૮૬ |
| જુવાર | ૩૬૦ | - | અજમો | ૫૧૦ | ૧૩૮૧ |
| ગવાર | ૧૭૭૦ | ૧૭૮૫ | આંબલીયાસણ | | |
| તલોદ | | | ઘઉં | ૩૦૫ | ૩૭૭ |
| એરંડા | ૬૫૬ | ૬૭૦ | એરંડા | ૬૫૮ | ૬૬૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૯૫ | રાયડો | ૬૦૯ | ૬૧૫ |
| ગવાર | ૧૩૫૮ | ૧૭૯૭ | ગવાર | ૧૬૬૫ | ૧૬૭૭ |
| વરિયાળી | ૧૧૭૦ | ૧૭૪૫ | જોટાણા | | |
| બાજરી | ૨૫૦ | ૨૯૫ | ઘઉં | ૩૬૧ | ૩૭૬ |
| ડાંગર | ૩૦૦ | ૩૭૦ | એરંડા | ૬૪૫ | ૬૬૦ |
| ધનસુરા | | | રાયડો | ૬૧૮ | - |
| એરંડા | ૬૪૫ | ૬૬૦ | માણસા | | |
| ઘઉં | ૩૦૯ | ૩૬૦ | રાયડો | ૬૧૧ | ૬૩૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૭ | એરંડા | ૬૫૦ | ૬૭૭ |
| વરિયાળી | ૧૧૫૦ | ૧૫૫૦ | કપાસ | ૬૦૦ | ૯૫૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૬૦ | ગવાર | ૧૭૫૧ | ૧૮૨૫ |
| ખેડબ્રહ્મા | | | ઘઉં | ૩૦૩ | ૩૯૧ |
| ઘઉંલોકવન | ૩૦૭ | ૩૨૫ | બાજરી | ૨૬૭ | ૨૭૦ |
| ઘઉં૪૯૬ | ૩૧૫ | ૩૪૦ | ઈડર | | |
| મકાઈ | ૨૪૫ | ૨૫૦ | ઘઉં | ૨૯૨ | ૪૦૨ |
| એરંડા | ૬૪૪ | ૬૪૬ | મકાઈ | ૨૪૨ | ૨૫૫ |
| મગ | ૧૦૪૦ | ૧૦૬૭ | એરંડા | ૬૫૫ | ૬૬૪ |
| ચણા | ૬૩૦ | ૬૫૦ | રાયડો | ૫૫૫ | ૫૭૫ |
| દહેગામ | | | તુવેર | ૬૦૮ | ૬૫૦ |
| બાજરી | ૨૯૦ | ૨૯૫ | મગફળી | ૮૦૦ | ૮૨૧ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૮ | તલ | ૧૮૫૦ | ૧૯૬૦ |
| ડાંગર | ૨૯૦ | ૩૦૧ | બાજરી | ૨૪૫ | ૨૮૫ |
| એરંડા | ૬૫૬ | ૬૬૪ | જુવાર | ૩૩૫ | ૩૪૨ |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૧૦ | કપાસ | ૭૬૦ | ૭૭૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ | ગવાર | ૧૬૫૦ | ૧૭૩૦ |
| તુવેર | ૫૨૫ | ૬૬૫ | પાલનપુર | | |
| જુવાર | ૩૬૬ | ૩૭૧ | ઘઉં | ૨૯૫ | ૪૩૦ |
| રાયડો | ૫૫૦ | ૫૬૫ | બાજરી | ૨૬૦ | ૨૮૫ |
| રખિયાલ | | | એરંડા | ૬૫૧ | ૬૬૯ |
| બાજરી | ૨૩૦ | ૨૯૩ | રાયડો | ૬૧૦ | ૬૫૬ |
| ઘઉં | ૩૦૫ | ૩૫૫ | રાજગરો | ૮૨૫ | ૯૨૫ |
| ડાંગર | ૨૮૫ | ૩૦૦ | વરિયાળી | ૮૮૧ | ૧૯૦૦ |
| એરંડા | ૬૫૫ | ૬૬૦ | જુવાર | ૫૦૦ | ૫૧૧ |
| ગવાર | ૧૬૨૫ | ૧૭૦૦ | કલોલ | | |
| મકાઈ | ૨૨૫ | ૨૮૦ | ઘઉં | ૨૯૬ | ૩૭૨ |
| તુવેર | ૫૨૦ | ૬૬૦ | એરંડા | ૬૫૫ | ૬૬૭ |
| જુવાર | ૩૬૦ | ૩૭૦ | ગવાર | ૧૭૦૦ | ૧૭૮૦ |
| રાયડો | ૫૪૦ | ૫૬૦ | ડાંગર | ૨૯૦ | ૩૭૫ |
| હિંમતનગર | | | બાજરી | ૨૭૦ | ૨૯૨ |
| એરંડા | ૬૬૩ | ૬૭૧ | બાયડ | | |
| ઘઉ | ૩૦૫ | ૪૧૫ | બાજરી | ૨૬૦ | ૨૮૫ |
| બાજરી | ૨૭૦ | ૨૮૯ | મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૭૦ | ઘઉં | ૨૯૦ | ૩૮૦ |
| તુવેર | ૭૦૦ | ૮૨૦ | એરંડા | ૬૩૦ | ૬૬૦ |
| ગવાર | ૧૭૫૦ | ૧૮૦૦ | વરિયાળી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૫૮૦ | ૬૪૦ | ગવાર | ૧૬૫૦ | ૧૭૦૦ |
| મગ | ૧૦૭૫ | | હારીજ | | |
| | | | રાયડો | ૫૮૦ | ૬૩૦ |
| સિદ્ધપુર | | | એરંડા | ૬૪૦ | ૬૬૫ |
| જીરૂ | ૨૧૮૦ | ૨૩૭૬ | બાજરી | ૨૦૨ | ૩૬૬ |
| રાયડો | ૬૦૦ | ૬૬૬ | ઘઉં | ૩૦૦ | ૪૬૬ |
| વરિયાળી | ૮૭૧ | - | ગવાર | ૧૬૯૫ | ૧૭૧૧ |
| એરંડા | ૬૪૭ | ૬૭૭ | ચણા | ૬૧૫ | ૬૪૫ |
| ગવાર | ૧૬૩૧ | ૧૮૨૬ | સવા | ૫૭૬ | ૫૮૮ |
| ઘઉં | ૨૮૯ | ૪૪૨ | જીરૂ | ૨૦૫૦ | ૨૫૦૦ |
| બાજરી | ૨૪૦ | ૩૨૯ | ઈ.ગુલ | ૧૦૦૦ | ૧૨૧૯ |
| રાજગરો | ૬૩૧ | ૮૭૬ | કાળા | ૫૧૦ | ૫૫૦ |
| મેથી | ૫૧૩ | | સલાલ | | |
| ઈ.ગુલ | ૮૭૧ | - | એરંડા | ૬૩૦ | ૬૩૫ |
| ઉંઝા | | | ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| જીરૂ | ૧૯૨૦ | ૨૭૭૫ | ડાંગર | ૩૦૦ | ૩૭૦ |
| વરીયાળી | ૮૦૧ | ૧૩૮૦ | ગુજ.૧૭ | ૩૦૦ | ૩૫૦ |
| ઈ.ગુલ | ૧૧૯૦ | ૧૩૦૦ | મગફળી | ૯૦૦ | ૯૪૧ |
| સરસવ | ૬૧૨ | ૬૭૦ | પ્રાંતિજ | | |
| રાયડો | ૫૫૫ | ૭૨૨ | એરંડા | ૬૪૦ | ૬૬૫ |
| તલ | ૨૦૦૦ | ૨૨૩૧ | ઘઉં | ૨૯૦ | ૩૪૦ |
| મેથી | ૬૦૧ | ૬૧૫ | બાજરી | ૨૫૦ | ૨૭૫ |
| વિસનગર | | | ડાંગર | ૩૦૦ | ૩૩૧ |
| ઘઉ | ૨૯૦ | ૪૦૨ | ડાંગર | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૨૦ | ૩૧૯ | મોડાસા | | |
| રાયડો | ૫૮૦ | ૭૧૫ | એરંડા | ૬૫૦ | ૬૬૫ |
| એરંડા | ૬૫૦ | ૬૭૪ | રાયડો | ૫૪૦ | ૬૧૭ |
| કપાસ | ૪૦૦ | ૯૬૭ | બાજરી | ૨૭૦ | ૩૧૧ |
| મેથી | ૫૧૧ | ૫૫૦ | ઘઉં | ૨૮૫ | ૩૪૦ |
| ગવાર | ૧૭૫૦ | ૧૮૦૦ | મકાઈ | ૨૪૦ | ૨૭૮ |
| જુવાર | ૩૦૦ | ૪૭૫ | ચણા | ૬૨૦ | ૭૦૦ |
| સાણંદ | | | ગવાર | ૧૭૬૦ | ૧૮૦૦ |
| ઘઉં | ૩૪૧ | - | વરિયાળી | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ઘઉં | ૩૦૧ | ૪૨૩ | ટિંટોઈ | | |
| ઘઉં | ૩૬૫ | - | એરંડા | ૬૪૫ | ૬૫૫ |
| ડાંગર | ૩૩૫ | - | મકાઈ | ૨૩૦ | ૨૪૫ |
| તુવેર | ૮૧૪ | ૮૩૨ | ઘઉં | ૩૦૦ | ૩૫૦ |